# વાવોલ ફાટક પાસેથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

**મૃતક મહિલાના ગળાના ભાગે ટૂંપો આપી દીધો હોય તેવા ઇજાના નિશાન : એફ.એસ.એલ બોલાવવામાં આવી : પરણિતાની હત્યાની આશંકા**

ગાંધીનગર, તા.૨૭

શહેરને અડીને આવેલા વાવોલ ગામ પાસેના ફાટક નજીક આજે વહેલી સવારે સેક્ટર-૩માં રહેતી એક પરણીત મહીલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મૃતક મહિલાના ગળાના ભાગે તેણીને ટૂંપો આપી દેવાયો હોય તે પ્રકારના ઈજાઓના નિશાન જોવા મળ્યા છે. પરણિતાની હત્યા કરી દેવાઈ હોય તેવી આશંકાને આધારે સેક્ટર-૭ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ફોરેન્સિક એક્સપર્ટની ટીમ બોલાવી લીધી હતી. જોકે હજુ સુધી મહિલાના મૃત્યુનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે વાવોલના એક જાગૃત નાગરિક ગામની દરગાહ નજીકથી રેલવે ફાટક પાસે પસાર થઈ રહ્યા હતા ત્યારે ફાટક નજીક એક મહિલાનો મૃતદેહ પડેલો તેમની નજરે ચડ્યો હતો. નજીક જઈને જોયું તો મહિલા મૃત હાલતમાં હતી અને તેના ચહેરા અને ગળાના ભાગે ઈજાના નિશાન પણ હતાં. આ સંદર્ભે તેમણે તાત્કાલિક મૃતક મહિલાની બાજુમાં પડેલો મોબાઈલ ઉઠાવીને મૃતકના પરિવારજનોને ફોન કર્યો હતો સાથો સાથ પોલીસનો સંપર્ક કરી ઘટના અંગે જાણ કરી હતી. મૃતકના પરિવારજનો તથા સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.ડી.ચૌધરી તેમની ટીમ સાથે બનાવ સ્થળ પર વાવોલ ફાટક પાસે પહોંચી ગયા હતા. મૃતક મહિલા સેકટર-૩ ખાતે સાઈબાબાના મંદિર નજીક સ્થિત છાપરામાં પિયરમાં રહેતી ૩૨ વર્ષીય આશાબેન એકનાથ ઉર્ફે દેવાભાઈ પવાર હોવાનું ખુલ્યું છે. આશાબેનના મૃતદેહ પાસે જ કપડાં ભરેલો એક મોટો થેલો પણ પડ્યો હતો. તેના ગળાના ભાગે ટૂંપો આપી દેવાયો હોય તેવા લાલ ચકામા સાથેના ઈજાના નિશાન પણ દેખાઈ આવતા હતા. તે ઉપરાંત હાથ અને ગાલના ભાગે પણ ઉઝરડાના તથા વાગ્યાના નિશાન જોવા મળી રહ્યા હતા. શંકાસ્પદ હાલતમાં મળી આવેલા આશાબેનનાં મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી એફ.એસ.એલ માથી ફોરેન્સિક એક્સપર્ટની ટીમ પણ બોલાવી લેવામાં આવી હતી. જો કે મૃત્યુનું કારણ હજી સુધી સ્પષ્ટપણે બહાર આવી શક્યું નથી. પોસ્ટમોર્ટમ અને એફએસએલ રિપોર્ટ બાદ પરિણીતાના મૃત્યુનું કારણ બહાર આવે તેવી શક્યતા છે. તો બીજી તરફ આ પરણિતાની હત્યા થઈ હોવાની પણ આશંકા પ્રબળ બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક આશાબેન પવાર મૂળ બંગાળી હતા અને મહારાષ્ટ્રમાં પરણેલા હતા. ઘરકંકાસને કારણે બંને પતિ-પત્ની છ વર્ષથી અલગ રહેતા હતા અને આશાબેન ગાંધીનગરમાં આવીને પોતાની નવ વર્ષની દીકરી સાથે પિયરમાં રહેતા હતા. પોલીસે મૃતક આશાબેનના મોબાઈલ નંબરની કોલ ડિટેઈલ કઢાવી હત્યાની દિશામાં પણ તપાસ શરૂ કરી છે. ઘટનાને ગંભીરતાથી લઈને ગાંધીનગર હેડ ક્વાર્ટર ડી.વાય.એસ.પી એમ જે સોલંકીએ પણ બનાવ સ્થળ પર વિઝિટ કરી બનાવની વિગતો મેળવી હતી.



# કોમર્શિયલ વિસ્તારોમાં પાર્કિંગની સમસ્યા દૂર કરવા કડક પગલા લેવાશે : એસ.પી

**જિલ્લાના નવા એસપી મયુર ચાવડાએ ચાર્જ સંભાળ્યો : ક્રાઇમ પ્રિવેન્શન અને ડિટેક્શન ઉપરાંત ટ્રાફિકની સમસ્યા પર ખાસ ભાર મુકાશે : રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની વિદાય**

ગાંધીનગર, તા.૨૭

જિલ્લાના પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની બદલી થતા આજે સવારે ગાંધીનગરના સામાજિક અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં તેમનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો હતો. સાથો સાથ જિલ્લાના નવા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ આજે જિલ્લાનો ચાર્જ સંભાળ્યો હતો. જિલ્લાના તત્કાલીન એસપી વિરેન્દ્રસિંહ યાદવ તથા નવનિયુક્ત એસપી મયુરસિંહ ચાવડાનું આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ આ જ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા માર્ગ સલામતી જાગૃતિ અભિયાન અંતર્ગત તૈયાર કરવામાં આવેલી ટ્રાફિક અવેરનેસ માર્ગદર્શિકાનુ વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા તરીકે ચાર્જ સંભાળનાર મયુરસિંહ ચાવડા પહેલા ઈન્ટેલિજન્સ બ્યુરોમાં ફરજ બજાવતા હતા. તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત અરવલ્લી જિલ્લો અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં પણ ડ્યુટી કરી ચુક્યા છે. ગાંધીનગર એસપી તરીકે ચાર્જ સંભાળતા જ તેમણે જણાવ્યું છે કે જિલ્લામાં ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેકશન ઉપર વધુ ભાર મુકવામાં આવશે તે ઉપરાંત ગાંધીનગર શહેરના કેટલાક કોમર્શિયલ વિસ્તારોમાં બિલ્ડરો દ્વારા પાર્કિંગ પ્લેસ રાખવામાં આવ્યા ન હોવાથી શરુ થયેલી પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવા કડક પગલા લેવાની પણ તેમને વાત કરી છે. તે ઉપરાંત શહેરની ટ્રાફિકની સમસ્યા ઉપર પણ ફોકસ કરવામાં આવશે અને સંવેદનશીલ ગણાતા છત્રાલ સહિતના વિસ્તારોમાં પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે. પૂર્વ ધારાસભ્ય પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના રાજકીય આગેવાનો તથા સામાજિક સંસ્થાઓના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આજે સવારે એસપી તરીકે ચાર્જ લઈ રહેલા નવા એસપી મયૂરસિંહ ચાવડાનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લામાંથી બદલે તેને સીઆઈડી ક્રાઈમમાં પોસ્ટિંગ મેળવનાર એસપી વિરેન્દ્રસિંહ યાદવને સન્માનિત કરીને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. નોંધનીય બાબત છે કે ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ સમયગાળો જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે વિતાવનાર પોલીસ અધિકારી આર.બી બ્રહ્મભટ્ટ છે અને સૌથી વધુ સમયગાળો આ જિલ્લામાં ફરજ બજાવવાના રેન્કમાં વિરેન્દ્રસિંહ યાદવ બીજા ક્રમાંકે છે. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા માર્ગ સલામતી જાગૃતિ અભિયાન અંતર્ગત તૈયાર કરવામાં આવેલી ટ્રાફિક અવેરનેસ માર્ગદર્શિકાનું વિમોચન બંને આઈપીએસ અધિકારીઓ તથા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ સહિતના આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**હવે હું એમને એમ ઉપદેશ નથી આપતો... જેલમાં જઈ આવ્યા પછી ભક્તો, તમને કહું છું કે... વ્યાભિચાર ન કરવો, બ્લેકના પૈસા ન ફેરવવા... પોલીસવાળા આગળ ખોટું ન બોલવું...!!**

# ઝુંડાલ સર્કલથી દારૂની હેરાફેરી કરતી સ્કોર્પીઓ ગાડી પકડાઈ

**ટ્રાફિકનો લાભ લઈને સ્કોર્પિયો ચાલક ગાડી મૂકી ફરાર : ગાંધીનગર પાસીંગની સ્કોર્પિયોમાં તપાસ કરતા અંદરથી સવા લાખની કિંમતનો દારૂ બિયરનો જથ્થો મળ્યો**

ગાંધીનગર, તા.૨૭

અડાલજ પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે સર્વેલન્સ સ્કવોર્ડએ ઝુંડાલ સર્કલ પાસે વોચ ગોઠવી વિદેશી દારૂની હેરાફેરી કરતી સ્કોર્પિયો ગાડીને પકડી પાડી છે. ઝુંડાલ સર્કલ પોલીસે આ બાતમી વાળી ગાડીને ઉભી રાખવા ઈશારો કર્યો પરંતુ તેના ચાલક કે ગાડી ઉભી ન રાખી ભગાવી મુકી હતી. પોલીસે તેનો પીછો કર્યો હતો અને ઝુંડાલ નજીક મહેસાણા પીક અપ બસ સ્ટેન્ડ પાસેથી ગાડીને પકડી પાડી હતી. જો કે ટ્રાફિકનો લાભ લઈને સ્કોર્પિયો ચાલક ત્યાંથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. સ્કોર્પિઓમાં તપાસ કરતા અંદરથી ૩૦૦ નંગ વિદેશી દારૂની બોટલો અને ૨૭૨ નંગ બીયરના ટીનનો જથ્થો મળી રૂપિયા સવા લાખની કિંમતનો ૩૬ પેટી દારૂ બિયર મળી આવ્યો હતો. પોલીસે કાર સહિત કુલ રૂ. ૫.૧૯ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા આરોપી સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમના પી.એસ.આઇ એ.જી.એનુરકાર તથા તેમની ટીમનાં કોન્સ્ટેબલ જયરાજસિંહ, મનીષસિંહ સહિતનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ કેવલ સિંહને ચોક્કસ બાતમી મળી હતી કે જીજે ૧૮ એ.એચ ૫૬૩૦ નંબરની સ્કોર્પિયો ગાડીમાં વિદેશી દારૂ ભરેલો છે અને ઝુંડાલ સર્કલ થઈને અમદાવાદ તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે ઝુંડાલ સર્કલ પાસે ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને વર્ણન વાળી ગાડી સ્કોર્પિયો ત્યાંથી પસાર થતાં તેને ઉભી રાખવા પ્રયત્ન કરવા છતાં ગાડી રોકાઈ ન હતી. ખાનગી ગાડીમાં પોલીસે તેનો પીછો કરીને મહેસાણા પીકઅપ સ્ટેન્ડ પાસે ગાડી કોર્ડન કરીને પકડી પાડી હતી. જોકે ટ્રાફિકનો લાભ લઈને ગાડી મૂકીને આરોપી ડ્રાઈવર પોલીસને ચકમો આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્કોર્પિયો ગાડીમાં તપાસ કરતા અંદરથી ઓફિસર્સ ચોઈસ વ્હિસ્કીની ૧૯૨ બોટલ તથા બેગપાઈપર વ્હિસ્કીની ૧૦૮ બોટલ મળીને વિદેશીદારૂની કુલ ૩૦૦ બોટલ તથા ૨૭૨ બીયરના ટીન સહિત કુલ રૂ. ૧,૧૯,૩૯૨ની કિંમતનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. અડાલજ પોલીસે વિદેશી દારૂ બિયરનો જથ્થો તથા રૂપિયા ચાર લાખની કિંમતની ગાંધીનગર પાસીંગની સ્કોર્પિઓ કાર જપ્ત કરી કુલ રૂ.૫,૧૯,૩૯૨ની કિંમતનો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી કરીને ફરાર થઈ ગયેલા ડ્રાઈવર સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.



# જિલ્લાના ૩૫ પોલીસ કર્મચારીઓને બઢતી અને ૨૩ની બદલીના આદેશ

**૨૩ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૧૨ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લામાંથી ચાર્જ છોડતા પહેલા ગાંધીનગર જિલ્લાના ૩૫ પોલીસ કર્મચારીઓને બઢતી અને ૨૩ પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ કર્યા છે. ૨૩ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ તરીકે બઢતી આપવામાં આવી છે જ્યારે જિલ્લાના ૧૨ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકેની બઢતી આપવામાં આવી છે. તે ઉપરાંત જિલ્લાના ૨૩ પોલીસ કર્મચારીઓને પોતાની પસંદગીના પોલીસ મથકમાં બદલીના આદેશ કરવામાં આવે છે.

ગઈ કાલે રાજ્યના ૬૬ આઈપીએસ અધિકારીઓની બદલીઓ થઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના એસપી વિરેન્દ્રસિંહ યાદવની પણ સીઆઈડી ક્રાઈમ ખાતે બદલી થવા પામી છે. વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લાનો ચાર્જ છોડતા પહેલા જિલ્લાના પોલીસ કર્મચારીઓની બઢતી અને બદલીના આદેશ કરી દેતા જિલ્લા પોલીસ કર્મચારીઓમાં ખુશીની લાગણી પ્રવર્તી છે. જિલ્લાના ૨૩ પોલીસ કર્મચારીઓને પોતાના પસંદગીના પોલીસ મથકમાં માંગણી અનુસાર બદલી કરવામાં આવી છે.

જેમાં સાત લોક રક્ષક, નવ પોલીસ કોન્સ્ટેબલ, છ હેડ કોન્સ્ટેબલ અને એક એ.એસ.આઈ નો સમાવેશ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ ૩૫ પોલીસ કર્મચારીઓની બઢતીના આદેશ પણ કરવામાં આવ્યા છે. જેમાં ૧૭ અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને ૬ આર્મ્ડ હેડ કોન્સ્ટેબલ મળીને કુલ ૨૩ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ૧૨ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.

## વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયમાં 'તમાકુ મુક્ત શાળા' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના વાવોલ ખાતે તાજેતરમાં પ્રગતિ મંડળ સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે 'તમાકુ મુક્ત શાળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ડૉ. નીતાબેન મોરેએ શાળાકક્ષાએ બાળકો દ્વારા કરાતા વ્યસન અને તેની આદતથી બચવાના ઉપાયો અંગે માહિતી આપી હતી. આ સાથે તેમણે જાહેરમાં વ્યસન કરવુ એ ગુનો છે તેની સમજ પણ આપી હતી. શાળાના બાળકો સાથે વાર્તાલાપ પ્રશ્નોત્તરીના માધ્યમે સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરાયુ હતુ. જે માટે શાળાના શિક્ષક મિત્રો તથા આચાર્ય બી.એ. પટેલે જહેમત ઉઠાવી હતી.



જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાલા સ્કૂલ, કોબા, તા. જી. ગાંધીનગર ગામે વિધાનસભા મતદાર વિભાગ, મતાધિકારી સાક્ષરતા ક્લબ (ઈન્ઝ) અંતર્ગત મતદાર જાગૃતી અંગેનો પ્રોગ્રામ કરવામાં આવેલ. પ્રોગ્રામમાં હાજર તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી જાન્વીબેન પટેલ તથા વિસ્તરણ અધિકારી તથા કોબા સરપંચ યોગેશભાઈ બી. નાયી તથા ગામના આગેવાનો, સ્કૂલના ડે. આચાર્ય, શિક્ષકગણ તથા સ્કૂલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા. પ્રોગ્રામમાં હાજર મહાનુભાવોએ ગામના આગેવાનો તથા વિદ્યાર્થીઓને મતદાર જાગૃતી વિશે માહિતગાર કર્યા હતા.

## નાડિયા ઉત્કર્ષ સંઘે બાળકોને અભ્યાસની કીટનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૨૭

નાડિયા ઉત્કર્ષ સંઘ દ્વારા તાજેતરમાં કડી તાલુકાના આદુંદરા ગામે નાડિયા સમાજના અભ્યાસ કરતા ગરીબ બાળકોને ચોપડા, સ્કુલબેગ અને પેનોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી ખાસ હાજર રહ્યા હતા. તે ઉપરાંત ઉર્મિલા બેન રાજ, પુનમભાઈ રાજ, કનુભાઈ નાડીયા, ચમનભાઈ નાડીયા, લાલજીભાઈ નાડીયા, માધાભાઈ નાડિયા, તેમજ આદુંદરા ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા.



ઔડા દ્વારા નિર્મિત સરદાર પટેલ રીંગરોડ પર નાના ચિલોડા-તપોવન સર્કલથી વૈષ્ણવદેવી સર્કલ સુધી આશરે ૪૦૧ પોલ્સ ૧૨ કિ.મી. લંબાઈના રસ્તા પર સ્ટ્રીટલાઈટનું લોકાર્પણ વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ અને વર્તમાન ધારાસભ્ય શંભુજી ઠાકોરે ઔડાના અધિકારીઓની ઉપસ્થિતિમાં કર્યુ હતુ.

## ઈજનેરી કોલેજના એનએસએસના સ્વયંસેવકોએ રાંધેજાના ગ્રામજનોનું દિલ જીતી લીધુ

**સાત દિવસના સ્પેશિયલ કેમ્પ દરમ્યાન વિવિધ રચનાત્મક તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામજનોને જાગૃત કર્યા**

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટ દ્વારા તાજેતરમાં રાંધેજા ખાતે આયોજિત સ્પેશિયલ કેમ્પ દરમ્યાન સ્વયંસેવકોએ ગામના વિકાસ માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી ગ્રામજનોનું ધ્યાનાકર્ષિત કર્યુ હતુ. સાત દિવસ ચાલેલા આ કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઓરી-રૂબેલા રસીકરણ જાગૃતિથી માંડીને માર્ગ સલામત, મતદાન જાગૃતિ અને મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓને આવરી લેતા કાર્યક્રમો ઉપરાંત બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડતી કૃતિઓ પણ રજૂ કરી હતી.

રાંધેજા ખાતે ૭ દિવસના રોકાણ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગામમાં સ્વચ્છતા જાગૃતિ રેલી યોજવા સાથે સફાઈ ઝુંબેશ ઉપાડી હતી તેમજ ઘરે ઘરે જઈને ગ્રામજનોને ઓરી-રૂબેલા રસીકરણ અંગે જાણકારી પુરી પાડી હતી. આ ઉપરાંત વિવિધ સરકારી યોજનાઓ જેવી કે 'મા અમૃતમ' અને 'મા વાત્સલ્ય' જેવી યોજના અંગે સમજૂતિ આપી હતી અને વૃક્ષારોપણ ડેન્ટલ ચેકઅપ કેમ્પ, મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સંગીત સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજ્યાં હતા. બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસવા ઉપરાંત માર્ગસલામતી, મતદાન, મહિલા સશક્તિકરણ વગેરે થીમ આધારિત શેરી નાટકો પણ પ્રસ્તુત કર્યા હતા. સમગ્ર કેમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓએ રચનાત્મક અને સર્જનાત્મક કાર્યક્રમો ઉપરાંત તેમના શાલીનતાભર્યા વ્યવહારથી ગ્રામજનોના દિલ જીતી લીધા હતા.

# એસટી ભરતી કૌભાંડની તપાસ પૂર્ણ, રીપોર્ટ બાકી

**મુખ્ય મહેકમ અધિકારીની તાત્કાલીક બદલીના આદેશની અમલવારીમાં વિલંબ, વહીવટી સ્ટાફ, ડ્રાયવર, કંડકટરની ભરતીમાં સેટિંગની ફરીયાદો પછી ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ થયા હતા**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમમાં વહીવટી સ્ટાફ, ડ્રાયવર અને કંડકટરની ભરતીમાં કૌભાંડ થયા હોવાની ફરીયાદો ઉઠી હતી. જે અન્વયે રાજ્ય વાહન વ્યવહાર વિભાગે તાત્કાલીક તપાસના આદેશ આપી મુખ્ય મહેકમ અધિકારીને બદલી કરવા નિગમના એમ.ડી.ને હુકમ કર્યો હતો. જેમાં આ કૌભાંડની ઉચ્ચકક્ષાએથી તપાસ હાથ ધરવામાં આવી હતી. જે પૂર્ણ થઈ ગઈ છે જેનો રીપોર્ટ આવ્યા પછી આગળની કાર્યવાહી હાથ ધરાનાર હોવાનુ જાણવા મળ્યુ છે. જોકે બે માસ જેવો સમય થવા છતાં ભરતી કૌભાંડમાં જેના ઉપર આક્ષેપ થયો છે તેવા મુખ્ય મહેકમ અધિકારીની બદલી આદેશ થયો હોવા હજુ સુધી કરવામાં આવી નથી જે માટે અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

એસ.ટી. નિગમમાં વહીવટી સ્ટાફ, ડ્રાયવર તથા કંડકટરની ભરતીમાં ગેરરીતી આચરી મળતીયા અને લાગવગીયા લોકોની ભરતી કરી હોવાનો આક્ષેપ મુખ્ય મહેકમ અધિકારી કે.સી. બારોટ ઉપર કરવામાં આવ્યો હતો. જે અંગે રાજ્ય વાહન વ્યવહાર વિભાગે તાકીદે આ મહેકમ અધિકારીની બદલી દૂરના સ્થળે કરી આ હોદ્દા પર અન્ય મહેકમ અધિકારીની નિમણુંક કરવા આદેશ કરવામાં આવ્યો હતો. વધુમાં આ અંગે વાહન વ્યવહાર મંત્રીએ સમગ્ર બાબતનો અહેવાલ મંગાવ્યો હતો અને તપાસના આદેશ સોંપવામાં આવ્યા હતા.

આ અંગે નિગમના એમ.ડી.ના પી.એ. ઈન્દ્રવદનભાઈ નાઈએ આ અંગે જણાવ્યું હતું કે ઉચ્ચકક્ષાએથી આ મામલાની તપાસ કરી લેવાઈ છે. જેનો રીપોર્ટ આવેથી આગળની કાર્યવાહી અધિકારીની સુચના મુજબ કરવામાં આવશે. વધુમાં ભરતી કૌભાંડમાં જેના ઉપર આક્ષેપ થયેલા છે તે મુખ્ય મહેકમ અધિકારીની બદલી અંગે પુછતા જણાવ્યુ હતુ કે તેઓ હજુ બદલી પામેલ નથી.

હાલમાં જ નિગમમાં વિવિધ પદો ઉપર કુલ ૨૮૧ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે ત્યારે આ ભરતી નિષ્ઠાવાન અધિકારીની અધ્યક્ષતામાં કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. તેમજ અગાઉ થયેલા ભરતી કૌભાંડમાં સંડોવાયેલા તમામ કર્મચારી વિરૂદ્ધ કડક પગલા લઈ આગામી ભરતીને અસર ન પહોંચે તેવો દાખલો બેસાડવા પણ ઉમેદવારોમાં લાગણી ઉભી થઈ છે.